# યાકોબ ઉર્ફે ઈસ્રયાલ

## ફાધર વર્ગીસ પોલ

અબ્રાહામનો પુત્ર ઈસહાક ચાલીસ વર્ષની વયે રિબકાને પરણ્યો હતો, પણ તેમને બાકો ન હોતાં. આથી તેમણે પ્રાર્થના કરી અને રિબકાને ગર્ભ રહ્યો. તેના પેટમાં બાળકો ધક્કામુક્કી કરવા લાગ્યાં. પ્રાર્થનામાં પ્રભુએ રિબકાને જણાવ્યું કે, "તારા પેટમાં બે પ્રજાઓ છે, જન્મથી જ પરસ્પર વિરોધી એવી બે પ્રજાઓ. એકબીજા કરતાં વધારે બળવાન થશે અને મોટી નાનીની સેવા કરેશ."

જ્યારે રિબકાને પૂરા દિવસો થયા ત્યારે એને જોડિયા બાળકો જન્મ્યાં. પહેલો જન્મ્યો તે લાલ હતો. તેને આખા શરીરે વાળ હતા. આથી તેનું નામ એસવા પાડયું. ત્યાર પછી તેનો ભાઈ જન્મ્યો અને તેના હાથે એસવાની એડી પકડેલી હતી. આથી તેનું નામ યાકોબ પાડયું.

જ્યારે છોકરાઓ મોટા થયા ત્યારે એસાવ કુશળ શિકારી થયો અને યાકોબ શાંત પ્રકૃતિનો હતો. તંબુઓમાં સ્થિર થઈને રહેતો હતો. ઈસહાકને એસાવ વહાલો હતો. કારણ, તેના શિકારનું માંસ તે ખાતો હતો, પણ રિબકાને યાકોબ વહાલો હતો.

એક વખત વગડામાંથી થાક્યા પાક્યા આવેલા એસાવે પોતાના ભાઈ યાકોબના કહેવાથી યાકોબ આગળ કસમ ખાઈને પોતાના પ્રથમ પુત્રનો હક્ક યાકોબને વેચી દીધો. બદલામાં યાકોબે એસાવને રોટી અને મસૂરની દાળ આપી.

હવે ઈસહાક ઘરડો થયો અને તેને દેખાતું બંધ થયું. ત્યારે એક દિવસ તેણે પોતાનો મોટો પુત્ર એસાવને બોલાવીને કહ્યું. "હું ઘરડો થયો છું. હું ક્યારે મરી જાઉં તે કહેવાય નહિ. એટલે તું જંગલમાં જઈને મારે માટે કંઈ શિકાર કરી લાવ અને મને ભાવતી સ્વાદિષ્ટ વાનગી બનાવી લઈ આવ, જેથી હું ખાઉં અને મરતાં પહેલાં તને આશીર્વાદ આપું."

ઈસહાક અને એવાસ વચ્ચેની આ વાત સાંભળીને રિબકાએ ઝટ જઈને પોતાના નાના દીકરા યાકોબને કહ્યું. "મેં તારા બાપને એસાવને આમ કહેતાં સાંભળ્યો છે. એટલે હવે, મારા દીકરા હું તને કહું તે પ્રમાણે તું કર ઝોકમાં

જા અને બે સરસ લવારાં મારી પાસે લઈ આવ, જેથી હું તેમાંથી તારા બાપને ભાવે એવી સ્વાષ્ટિ વાનગી બનાવું. પછી તું તે તેરા બાપની આગળ લઈ જજે જેથી તે ખાઈને મરતાં પહેલાં તને આશીર્વાદ આપે."

યાકોબે પોતાની માતાના કહ્યા પ્રમાણે કર્યું. તેની માએ યાકોબે લાવેલાં લવારાંથી બાપને ભાવે એવી સ્વાદિષ્ટ વાનગી તૈયાર કરી. પછી રિબકાએ યાકોબને મોટા દીકરાનાં કપડાં પહેરાવ્યાં અને લવારાની ખાલ તેના હાથ ઉપર અને તેની ગરદાનના સુંવાળા ભાગ ઉપર ઢાંકી દીધી. પછી બાએ તૈયાર કરેલી સ્વાદિષ્ટ વાનગી લઈને યાકોબ પોતાના બાપુજી પાસે પહોંચી ગયો. તેણે ખાવાનું ઈસહાક પાસે મૂક્યું અને તેણે ખાધું.

પછી ઈસહાકે તેને કહ્યું, "મારા બેટા, મારી પાસે આવ અને મને બચી કર." આથી યાકોબે તેને ચુંબન કર્યું. પછી ઈસહાકે તેનાં વસ્ત્રો સૂંઘી જોયાં અને તેને આશીર્વાદ આપ્યા કે, "ઈશ્વરે તારે માટે આકાશમાંથી ઝાકળ વરસાવો, તારાં ખેતરો ફળવંતાં કરો અને તને મબલક પાક, પુષ્કળ અનાજ અને દ્રાક્ષાસાવ આપો. લોકો તારી સેવા કરો અને પ્રજાઓ તારે પગે પડો. તું તારાં કુટંબીઓનો ઈપરી થા અને તારી માતાના પુત્રો તારે ચરણે નમો. તને શાપ દેનાર ઉપર શાપ ઊતરો અને તને આશીર્વાદ આપનાર આશીર્વાદ ઊતરો."

ઈસહાક યાકોબને આશીર્વાદ આપી રહ્યો અને યાકોબ પોતાના બાપ ઈસહાક પાસેથી ગયો ત્યારે તેના ભાઈ એસાવે ખૂબ સ્વાદિષઅટ વાનગી તૈયાર કરી બાપ પાસે લઈ આવીને આશીર્વાદ માગ્યાં. ત્યારે ઈસહાક અને એના મોટા દીકરા એસાવને ખબર પડી કે એસાવનો નાનો ભાઈ દગાથી આવીને એનો આશીર્વાદ લઈ ગયો છે.

યાકોબે તેના બાપે જે આશીર્વાદ આપ્યા હતા તેને કારણે એસાવના મનમાં યાકોબ પ્રત્યે વેરવૃત્તિ જાગી, તે મનમાં બોલ્યો, "મારા બાપ હવે થોડા દિવસના મહેમાન છે. એમનો શક વીત્યા પછી હું મારા ભાઈ યાકોબને મારી નાખીશ." પણ રિબકાને એસાવનાં આ વચનોની ખબર પડી એટલે તેણે યાકોબને બોલાવીને કહ્યું. "જો, તારા ભાઈ એસાવ તને મારી નાખીને વેર વાળવા માગે છે. એટલે હવે, મારા દીકરા, તું મારું કહ્યું માન. તું એકદમ તારા મામા લાબાન પાસે હારાન ભાગી જા અને તારા ભાઈનો રોષ ઊતરે ત્યાં સુધી થોડા સમય એની રહે."

પછી રિબકાના કહેવાથી ઈસહાકે યાકોબને બોલાવીને તેને આશીર્વાદ આપ્યા અને એને કોઈ કનાની સ્ત્રીને ન પરણવાના આદેશ સાથે એમના મામા બથુએલને ત્યાં મોસોપોતામિયા મોકલ્યો.

યાકોબ બેર-શબાથી નીકળીને હારાન તરફ ચાલવા લાગ્યો. તે એક જગ્યાએ પહોંચી રાત ગાળવા માટે ત્યાં જ રોકાયો. એક પથ્થર લઈ માથા તળે મૂકીને તે ત્યાં જ સૂઈ ગયો. તેને એક સ્વપ્ન આવ્યુઃ તેણે પૃથ્વી ઉપર આકાશ સુધી પહોંચતી એક સીડી મૂકેલી જોઈ. ત્યાં તો ઈશ્વર પ્રભુ તેની પાસે ઊભો રહીને બોલ્યો. "હું પ્રભુ છું. તારા બાપ અબ્રાહામનો અને ઈસહાકનો પરમેશ્વર છું. જે ભૂમિ ઉપર તુ. સૂતો છે એ હું તને અને તારા વંશજોને આપીશ... જો, હું તારી સાથે છું અને તું જ્યાં જયાં જશે ત્યાં ત્યાં હું તારું રક્ષણ કરીશ અને તને પાછો આ દેશમાં લઈ આવીશ. મેં તને જે વચન આપ્યું છે તે પ્રમાણે કર્યા વગર હું તારો સાથ છોડવાનો નથી."

પછી યાકોબે ઊઠીને માથા તળે મૂકેલા પથ્થર ઉપર તેલનો અભિષેક કર્યો. તેણે તે જગ્યાનું નામ બેથેલ પાડયું અને માનતા રાખી કે, "જોઈ ઈશ્વર મારી સાથે રહેશે અને  પ્રવાસમાં મારું રક્ષણ કરશે... તો પ્રભુને હું મારા પરમેશ્વર માનીશ... અને ઈશ્વર મને જે કાંઈ આપશે તે બધાનો દસમો ભાગ હું તેને અવશ્ય ધરાવીશ."

પછી યાકોબ આગળ પ્રવાસ કરતાં પોતાના મામા લાબાનને અને તેની દીકરી રાહેલને મળીને બધી વાચો કહી સંભળાવી. લાબાનને બે દીકરીઓ હતી. મોટીનું નામ લિયા અને નાનીનું નામ રાહેલ લિયા બહુ રૂપીળી નહોતી, પણ રાહેલ ફુટડી અને રૂપાળી હતી. યાકોબ રાહેલના પ્રેમમાં હતો. તેણે નાની દીકરી રાહેલના હાથ માટે લાબાનને ત્યાં સાત વરસ કામ કરવાનું સ્વીકાર્યું.

સાત વર્ષ પૂરાં થયાં ત્યારે યાકોબે લાબાનને કહ્યું. "મારી મુદ્દત પૂરી થઈ છે. એટલે મને મારી પત્ની સોંપી દો, જેથી હું તેની સાથે ઘર માંડું." લાબાને તે દિવસે ગામના બધા લોકોને ભેગા કરીને ભોજન આપ્યું. પણ સાંજે તેણે યાકોબને ખબર ન પડે એ રીતે તાની મોટી ગીકરી લિયાને લાવીને યાકોબને સોપી અને તેણે તેની સાથે સંસાર માંડયો. સવારમાં યાકોબ જુએ છે તો લિયા હતી.

રાહેલને બદલે લિયાને આપવા બદલ યાકોબે વાંધો ઉઠાવ્યો ત્યારે લાબાને કહ્યું અમારા દેશમાં મોટી પહેલીં નાનીને વળાવવાનો રિવાજ નથી. તું એની સાથે લગ્નવિધિનું અઠવાડિયું પૂરું કર. એ પછી હું તને રાહેલ પણ પરણાવીશ, જો તું બીજાં સાત વરસ મારે ત્યાં કામ કરવા બંધાતો હોય તો. "યાકોબ કબૂલ થયો. તેણે લગ્નવિધિનું અઠવાડિયું પૂરું કર્યું. ત્યાર પછી લાબાને પોતાની દીકરી રાહેલ તેને પરણાવી. આથી યાકોબે રાહેલ સાથે પણ ઘ માંડયું. તેને લિયા કરતાં રાહેલ ઉપર વધારે પ્રેમ હતો. પછી તેણે બીજાં સાત વર્ષ લાબાનને ત્યાં કામ કર્યું."

યાકોબને લાબાનને ત્યાં કરેલા કામની મજૂરી પેટે પુષ્કળ ઘેટાંબકરાં મળ્યાં. યાકોબનાં ઘેટાંબકરાંનાં ટોળાં અને દાસદાસીઓની સંખ્યા ખૂબ વધી ત્યારે લાબાનના છોકરીઓને લાગ્યું કે અમારા બાપનું સર્વસ્વ યાકોબે લઈ લીધું છે. અને અમારા બાપની મિલકતમાંથી જ એણે પોતાની બધી સંપત્તિ મેળવી છે. વળી યાકોબને પણ લાગ્યું રે લાબાન પણ તેના પ્રત્યે પહેલાંની પેઠે મીઠી નજર રાખતો નથી. ત્યારે પ્રભુએ યાકોબને કહ્યું, "તુ તારા વડવાઓના દેશમાં, તારા વતનમાં જા અને હું તારી સાથમાં રહીશ."

એથી યાકોબે પોતાની બંને પત્નીઓ લિયા અને રાહેલને તેડાવીને પ્રભુના આદેશમ મુજબ પોતાના વતનમાં પાછા જવાની વાત કરી. લિયા અને રાહેલ બંને સહમત થઈ. યાકોબે પોતાના દીકરાઓને અને પત્નીઓને ઊંટ ઉપર ચડાવી દીધાં. પછી પોતાનાં બધાં ઢોરને હાંકતો હાંકતો, મેસોપોતામિયામાં જે કંઈ મળ્યું હતું તે બધું લઈને, પોતાના બાપ ઈસહાક પાસે કનાન દેશમાં જવા નીકળી પડયો. લાબાન પોતાના ઘેટાનું ઊન કાપવા ગયો હતો તે દરમિયાન લાબાનને જાણ કર્યા વગર યાકોબ ભાગી નીકળ્યો હતો. પણ ત્રીજે દિવસે જ્યારે લાબાનને ખબર પડી ત્યારે તેણે પોતાના માણસોને લઈને યાકોબનો પીછો કર્યો. તેણે સાતમાં દિવસે યાકોબને પકડી પાડ., પણ ઈશ્વરે લાબાનને સ્વપ્નમાં દર્શન દઈને. યાકોબને સારું માઠું કંઈ નહિ કહેવાના આપેલા આદેશ મુજબ લાબાન યાકોબ સાથે સમજૂતી કરીને પોતાના માણસો સાથે પાછો ગયો અને યાકોબ પોતાને રસ્તે આગળ વધ્યો.

પછી યાકોબે પોતાના ભાઈ એસાવની કૃપાદષ્ટિ મેળવવા માટે આગળથી કાસદો મોકલ્યો. કાસદોએ પાછા આવીને યાકોબને કહ્યું કે તેના ભાઈ તેને મળવા માટે સામેથી ચારસો માણસો સાથે લઈને આવે છે. આ વાત સાંભળીને યાકોબ ડરી ગયો. પછી તેણે પોતાની પાસે જે હતું તેમાંથી પોતાના ભાઈ એસાવ માટે ભેટો પોતાની આગળ મોકલી.

રસ્તામાં તે રાતે પરોઢ થયું ત્યાં સુધી કોઈએ યાકોબ સાતે કુસ્તી કર્યા કરી, પણ તે યાકોબને હરાવી શકયા નહિ. એટલે તેણે યાકોબને આશીર્વાદ આપતાં કહ્યું. "હવે તારું નામ યાકોબ નબિ પણ ઈસ્રાયલ કહેવાશે. તું ઈશ્વર સાથે અને માણસો સાથે લડીને જીત્યો છે."

યાકોબે સામે જોયું તો એનો જોડિયો ભાઈ એસાવ ચારસો માણસો સાથે આવતો હતો. પણ યાકોબની બીક આસ્થાને હતી. એસાવ તેને મળવા દોડી આવ્યો અને તેને ગળે વળગીને ચુંબન કરવા લાગ્યો. આમ

સહીસલામત યોકોબ અને એની સાથેના લોકો અને ઢોરઢાંખરા કનાન દેશમાં આવેલા શખેમને શહેર પહોંચીને શહેર આગળ મુકામ કર્યો. ત્યાં તેણે એક યજ્ઞદેવી ઊભી કરી અને તે ઈસ્રાયલના ઈશ્વરને નામ અર્પણ કરી. પછી ઈશ્વરના આદેશ મુજબ યાકોબ પોતાના માણસો લઈને કનાન દેશમાં બેથલ આવી પહોંચ્યો અને ત્યાં તેણે એક યજ્ઞદેવી બાંધી. યાકોબના બાર દીકરાઓ હતા.

યહૂદી ઈતિહાસમાં યાકોબ ઉર્ફે ઈસ્રાયલનું આગવું સ્થાન છે. ઈસ્રાયલીઓના બાર વંશોની ગણના યાકોબનાં બાર સંતાનોથી પણ થાય છે. એટલે જ યહૂદી પ્રજાને યાકોબના વંશજ અથવા તો ઈસ્રાયલી પ્રજા તરીકે ઓળખવામાં આવે છે. ઈ.સ. 1948 માં સ્થાપેલા ઈસ્રાયલ રાજ્યનું નામ પણ બાઈબલમાં ઉલ્લેખ કરાયેલી ઈસ્રાયલી પ્રજામાંથી લેવામાં આવ્યું છે.